# શહેરમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે ભાવિકોએ ઘરોમાં જ રામનવમી ઉજવી

**સમગ્ર દેશ અને વિશ્વને પ્રવર્તમાન સ્થિતિમાંથી ઉગારવા ભાવિકોએ મર્યાદા પુરુષોત્તમને પ્રાર્થના કરી : નગરજનોએ ઘરમાં પુજા આરતી, મંત્ર લેખન અને જાપ કરી ભગવાન શ્રી રામને પ્રાર્થના કરી**

ગાંધીનગર તા ૨

શહેરમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે આજે મંદિરો બંધ છે ત્યારે નગરજનોએ ઘરોમાં રહીને જ શ્રીરામની પુજા અર્ચના કરી હતી. ઘરમાં પરિવારજનોએ ભગવાનની પુજા અર્ચના તેમજ મંત્ર જાપ કર્યા હતા. હાલની પ્રવર્તમાન સ્થિતિમાં સમગ્ર દેશ અને વિશ્વ મહામારીના સંજોગોમાંથી બહાર આવે તેવી પ્રાર્થના સાથે રામનવમીની સાદગીસભર પણ ભકિતભાવના સાથે ઉજવણી કરી હતી.

શહેરમાં હાલ કોરોના વાયરસની મહામારીના લીધે લોકડાઉનની સ્થિતિ વચ્ચે નગરજનો ઘરમાં પુરાયેલા છે. અલબત્ત ઘરમાં રહીને જ નગરજનો પોતાના પરિવારજનો સાથે નતનવી પ્રવૃતિ કરીને આનંદનો સમય વિતાવી રહ્યા છે. શહેરમાં ધંધા રોજગારો પણ બંધ છે.જયારે જયાં નજર નાંખો ત્યાં સુનકાર જોવા મળી રહ્યો છે. આ દરમિયાન નગરજનોને પણ ઘરમાં રહેવાનો મોકો મળ્યો છે. ત્યારે આ દરમિયાન આવતા વિવિધ ધાર્મિક તહેવારોની પણ પરિવારજનો સાથે નાગરિકો ભકિતભાવ પુર્વક ઉજવણી કરી રહ્યા છે. હાલ ચૈત્રી નવરાત્રીના પવિત્ર દિવસોમાં પણ શકિતની ભકિતના અવસર ટાંણે નાગરિકો ઘરમાં બેસીને પુજા અર્ચના કરી રહ્યા છે. જયારે આજે રામનવમીના પવિત્ર દિવસે પણ નગરજનોએ ઘરમાં અનોખી રીતે જ પુજા અર્ચના કરી હતી. ઘરમાં ભગવાનની વિશેષ પુજા સાથે આરતીનુ આયોજન કર્યુ હતુ. જયારે સવારે ૧૨ વાગ્યા સુધી ઉપવાસ કરીને રામનવમીના પવિત્ર પર્વ નિમિત્તે પુજા અને મંત્ર જાપ કર્યા હતા. નવદુર્ગાની પુજા ભકિત સાથે આજે રામનવમી નિમિત્તે પણ ધાર્મિક પરિવારજનોએ ઘરમાં રામરક્ષા સ્તોત્રના પાઠ , રામનામ લેખન, રામજાપ સહીત હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા. ભગવાનની પુજા ભકિતના આધારે આ મહામારી સામે લડત આપવા તેમજ સમગ્ર દેશ આ મહામારીમાંથી ઝડપથી બહાર આવે તેવી પ્રાર્થના પણ કરી હતી. હાલ શહેરમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે મંદિરો પણ બંધ છે. ત્યારે ભગવાનના દર્શન કરવા માટે પણ ભાવિકો બહાર નિકળી શકતા નથી. આવા સંજોગોમાં દુરદર્શન પર પ્રસારિત થતી રામાયણની સીરિયલ પણ ભાવિકો માટે હોટ ફેવરીટ બની છે. આજે આ સીરિયલ નિહાળવાની સાથે ભાવિકો રામ ભકિતમાં તલ્લીન થતા નજરે પડયા હતા. આ ઉપરાંત ઘરોમાં જ દેવસ્થાન પર દિવડાઓ પ્રગટાવી ભગવાનની પુજા આરતી કરવામાં આવી હતી. જયશ્રી રામના જયઘોષ સાથે રહેણાંક વિસ્તારમાં નાગરિકોમાં અનોખી શ્રધ્ધા ભકિત જોવા મળી હતી. જયારે મર્યાદા પુરુષોત્તમ રામને અંધકારમાં ઘેરાયેલા વિશ્વને દિવ્ય ઉજાસ તરફ લઈ જવા માટે પ્રાર્થના કરી હતી.



અનોખી ઉજવણી - લોકડાઉનની પરિસ્થિતિમાં પણ ભક્તિનો દબદબો અખંડ રહ્યો હતો... શહેરમાં ભાવિકોએ સાંજે ઘરઆંગણે અથવા અટારીએ દિપ પ્રગટાવી જ્યોતની સાક્ષીએ ભગવાન શ્રીરામને પ્રાર્થના કરી હતી કે, હે ભગવાન સમગ્ર વિશ્વને કોરોનાના આતંકથી બચાવે... સૌનું કલ્યાણ કરે... સૌને સ્વસ્થ રાખે...



પ્રધાનમંત્રી સાથે વિડિયો કોન્ફરન્સ - કોરોના વકરતા સર્જાયેલી સ્થિતિ સંદર્ભે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સવારે ૧૦-૩૦ કલાકે દેશના તમામ મુખ્યમંત્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરી માહિતી અને સુચનોની આપ-લે કરી હતી... રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ટીમ ગુજરાત સાથે પણ પ્રધાનમંત્રીએ વાતચીત કરી હતી...

# શહેર-જિલ્લામાં કોરોનાનો કોઈ કેસ નહિ

**સ્વાઈન ફ્લુથી રાયસણ વૃદ્ધનું મોત : વધુ એક કોરોનાનો શંકાસ્પદ દર્દી સિવિલમાં દાખલ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી કોરોનાનો કોઈ નવો કેસ નોંધાયો નથી પણ સ્વાઈન ફલુને કારણે એક ૬૩ વર્ષીય વૃદ્ધનું અવસાન થતાં જિલ્લાભરમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આ ૬૩ વર્ષીય વૃદ્ધને ક્રિટીકલ સ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જયાં તેમનો સ્વાઈન ફલુનો ટેસ્ટ પોઝીટીવ જણાયો હતો.

આ વૃદ્ધ ગાંધીનગર નજીકના રાયસણ ગામના વતની હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ પહેલાં ૩ કેસ સ્વાઈન ફલુના નોંધાયા હતા જો કે આ બધાની સ્થિતિ સારી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આજે વધુ એક કોરોનાનો શંકાસ્પદ દર્દી દાખલ થયો હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૧૧ કેસ નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાના કહેર વચ્ચે કમળાના કેસોએ દેખા દીધી

**નવા સેક્ટરોમાં ૩ કમળાના કેસો : આરોગ્યતંત્રની ચિંતામાં વધારો થયો**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં કોરોના કહેર વચ્ચે પાણીજન્ય કમળાએ પણ માથુ ઉંચક્યુ છે અને છેલ્લા એક સપ્તાહમાં ૨૫ થી વધુ કેસ નોંધાયાની વિગતો બહાર આવવા પામી છે.

ઉનાળાની સિઝન શરૂ થતાં જ પાણીજન્ય રોગચાળાએ ગાંધીનગર શહેરમાં દેખા દેતાં શહેરના આરોગ્યતંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે શહેરના નવા અને જુના સેક્ટરોમાં આ રોગે દેખા દીધી છે. જો કે નવા સેક્ટરોમાં આ કેસોની સંખ્યા વધુ હોવાનું મનાઈ રહ્યું છે. આ ઉપરાંત ગાંધીનગર શહેરને અડીને આવેલ કોલવડા ગામમાં પણ કમળાના કેસોએ દેખા દીધી હોવાની વાતો વર્તાઈ રહી છે.

ગાંધીનગર શહેરમાં કમળાના કેસો નીકળતાં આરોગ્યતંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે ખાનગી હોસ્પિટલોમાં આ કેસો વધારે જોવા મળી રહ્યા છે. જો કે સિવિલમાં પણ આ રોગના કેસો હોવાનું પણ જાણવા મળેલ છે.

# શહેરમાં ગરમીનો દોઢ ડિગ્રી પારો વધ્યો

ગાંધીનગર, તા. ૨

ઉનાળો હવે ધીમે ધીમે આકરો બની રહ્યો છે. મહત્તમ તાપમાન આજે બે ડિગ્રી જેટલુ વધીને ૩૮ ડિ.સે. પર પહોંચ્યુ હતુ.

એપ્રિલ માસ શરૂ થતાં જ ગરમીએ જોર પકડ્યુ છે. ધીમે ધીમે મહત્તમ તાપમાન વધી રહ્યું છે. તાપમાનમાં થઈ રહેલા વધારાને કારણે ગરમી વધી રહી છે. બપોરે ખૂબ આકરો તડકો પડે છે. જોકે હાલમાં લોકડાઉનની પરિસ્થિતિ હોઈ લોકો ઘરમાં જ રહે છે. જેના કારણે આકરા તડકાની અસર જણાતી નથી જો કે ઘરોમાં પંખાની સ્પીડ વધી ગઈ છે. ઘણા લોકોએ તો એસી અને કૂલર પણ ચાલુ કરી દીધા છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૬.૮ ડિ.સે. રહ્યા બાદ આજે તેમાં બે ડિગ્રી જેટલો વધારો થતાં મહત્તમ તાપમાન ૩૮.૦ ડિ.સે. પહોંચ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૩.૫ ડિ.સે. રહેતા રાત્રે પણ ગરમી લાગે છે.








સમજદારી - કોરોના વાયરસથી સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થિતિની વચ્ચે સરકારી દ્વારા જીવન જરૂરી ચીજવસ્તુઓના વેચાણને આંશિક છુટછાટ આપવામાં આવી નગરજનો પણ હવે સમજદારીથી ખરીદી કરી રહ્યા છે... ખરીદી દરમિયાન ભીડ નહિ કરતા સોશિયલ ડિસ્ટન્સીંગનું ધ્યાન પણ રાખે છે... અને લોકડાઉનના અમલવારીમાં પણ સંપૂર્ણ સહયોગ આપતા હોવાનું ક્યાંક ક્યાંક નગરજનોમાં જોવા મળ્યું હતું...

# સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો

**સે-૨૧ અને સે-૨૨ માં છેલ્લા બે દિવસથી ફોર્સથી પાણી આવતુ ન હોવાનો આક્રોશ**

ગાંધીનગર તા ૨

આકરી ગરમીના દિવસોની શરૂઆત થતા જ શહેરમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરોમાં ગરમીના દિવસોમાં પાણીની પોકાર ઉઠે છે. જયારે હાલ કોરોના વાયરસની મહામારી વચ્ચે હાથ મોં ધોવા માટે પણ પાણીનો વપરાશ વધ્યો છે. જયારે બીજીતરફ ગરમી પણ શરૂ થતા પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. શહેરના સે-૨૧ અને સે-૨૨ માં છેલ્લા બે દિવસથી ફોર્સથી પાણી ન આવતુ હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામના રોહીત વાસમાં પણ ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. શહેરમાં ગરમીનો પારો ધીમે ધીમે ઉંચો આવી રહ્યો છે. બપોરનો તાપ પણ આકરો બન્યો છે. જયારે સવારથી જ વાતાવરણમાં હવે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આવા સંજોગોમાં બપોરના સમયે ચામડીને દાહ આપતી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. જયારે વધતી ગરમી સાથે શહેરમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. એકબાજુ કોરોનાના કહેર વચ્ચે સતત હાથ મોં ધોવાની ફરજ પડતા શહેરમાં પાણીનો વપરાશ વધ્યો છે. જેમાં ગરમીની ઋતુ પણ નિખરતા શહેરીજનો પાણીનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. આવા સંજોગોમાં શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા પર્યાપ્ત પાણીનો સપ્લાય પુરો પાડવામાં આવે છે. એક અંદાજ મુજબ પ્રતિદિન ૬૬ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જેમાં બોર અને નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જેથી સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય થઈ રહ્યુ હોવાનુ પણ તંત્રએ જણાંવ્યુ છે. પરંતુ નવા અને જુના સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. છેલ્લા ઘણાં સમયથી શહેરમાં પાણીની બુમ ઉઠી નથી. પરંતુ છેલ્લા બે દિવસથી જુના સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ સ્થાનિકોમાં પ્રવર્તયો છે. સે-૨૧ અને સે-૨૨ માં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો વધી છે. સવારે સપ્લાય વેળાએ પાણીનો જોઈએ તેવો ફોર્સ આવતો ન હોવાની ફરિયાદો સ્થાનિકો કરી રહ્યા છે. જેથી તંત્રએ આ મામલે જરૂરી પગલા લઈ સેકટરવાસીઓને ફોર્સથી પાણી મળી રહે તેવુ આયોજન કરવુ જોઈએ. સ્થાનિકોએ આ મામલે તંત્રને પણ પુરતા ફોર્સથી પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવા રજુઆત કરી છે. ઈન્દ્રોડા રોહીતવાસમાં પણ પાણી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

# ડ્રોન સર્વેલન્સ વધુ સઘન બનાવાયું

**સોસાયટી-મોહલ્લામાં એકત્રિત ન થવા સૂચના : તહેવાર દરમિયાન ધર્મસ્થાનોમાં ૨-૩થી વધુ લોકોને ભેગા ન થવા દેવા ધર્મગુરુઓને ગુજરાતના પોલીસ વડાનું સુચન**

ગાંધીનગર, તા.૨

લોકડાઉનને વધુ ચુસ્તરીતે અમલ કરવા માટે ડ્રોન સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવવામાં આવી રહી છે. મોહલ્લાઓ અને સોસાયટીઓમાં પણ લોકોને એકત્રિત ન થવાની અપીલ કરવામાં આવી છે. પીએસઆઈ કે તેથી નીચેની કેડરના સક્ષમ નિવૃત્ત અધિકારીઓની પણ સેવા લેવામાં આવનાર છે. તહેવાર દરમિયાન ધર્મસ્થાનોમાં બેથી ત્રણ લોકોને ભેગા ન થવા દેવા માટેની પણ અપીલ રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝા દ્વારા કરાઈ છે. રાજ્યના પોલીસ વડા શ્રી શિવાનંદ ઝાએ જણાવ્યું છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૂત્ર 'ઘરે રહો.. સુરક્ષિત રહો... અને સ્વસ્થ રહો..'ના મંત્રને અનુસરીને લૉકડાઉન અંતર્ગત વૈમનસ્ય પેદા ન થાય એ માટે નાગરિકો કાળજી રાખે, આપણે સૌ ભાઈચારાની ભાવનાને વધુ બળવત્તર બનાવી એકબીજાને સહયોગી બનીએ એ અત્યંત જરૂરી છે. નોવેલ કોરોના વાયરસ અંતર્ગત લૉકડાઉન સંદર્ભે મીડિયાને વિગતો આપતા શ્રી શિવાનંદ ઝાએ કહ્યું કે શહેરોના અમુક વિસ્તારોમાં લૉકડાઉનનો ચુસ્ત રીતે અમલ થતો નથી એવી બાબતો ધ્યાને આવી છે ત્યારે પોલીસ દ્વારા ડ્રોન સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવવાનો નિર્ણય કર્યો છે, એટલે સોસાયટી અને મહોલ્લામાં પણ નાગરિકોએ એકત્ર થવું નહીં. ડ્રોનના ફૂટેજની ચકાસણી કરીને તેમની સામે પણ ગુનો નોંધવામાં આવશે. શ્રી ઝાએ ઉમેર્યું કે લૉકડાઉન અંતર્ગત માલવાહક વાહનોને છૂટ આપવામાં આવી છે પરંતુ આવા

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com